Extra No. 219

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **MONDAY, JUNE 23, 2025 / ASHADHA 2, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી જૂન, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગૃહ વિભાગના તારીખઃ ૨જી એપ્રિલ, ૨૦૨૫ના જાહેરનામા ક્રમાંકઃ જીજી/૪૫/૨૦૨૫/એસબી.૫/ઓએસએ/૧૦૨૦૨૪/૨૦.-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Under

The Official Secrets Act, 1923

સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ હેઠળ

જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી એપ્રિલ, ૨૦૨૫.

સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩.

ક્રમાંક: જીજી/૪૫/૨૦૨૫/એસબી.૫/ઓએસએ/૧૦૨૦૨૪/૨૦:- ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ સ્થળ અંગેની માહિતી અથવા તે સ્થળનો વિનાશ અથવા તેમાં અવરોધ અથવા તેમાંની દખલગીરી દુશ્મનને ઉપયોગી થાય તેમ છે;

તેથી, હવે, ભારત સરકારના ગૃહ મંત્રાલયના તારીખ ૪થી મે, ૧૯૬૩ના જાહેરનામા ક્રમાંક. ૨૧/૨૦/૬૨/પીઓએલએલ(૧) સાથે વાંચતા, સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ (સન ૧૯૨૩ના ૧૯મા)ની કલમ ૨-ના ખંડ (૮)ના પેટા-ખંડ (ઘ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, સદરહુ અધિનિયમના હેતુઓ માટે, અનુસૂચિમાં વર્ણવેલા રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના વોટર સપ્લાય પંપિગ સ્ટેશન, ગામ: ઝણોર, તાલુકોઃ ભરૂચ, જિલ્લોઃ ભરૂચ, ગુજરાતને 'પ્રતિબંધિત સ્થળ' તરીકે જાહેર કરે છે.

અનુસૂચિ

સરવે નંબર, સ્થળનું નામ અને સ્થળની હદોનું વર્ણન.

ઈન્સ્ટોલેશનનું નામ	સરનામું	સરવે નંબર અને ક્ષેત્રફળ	પ્રતિબંધિત વિસ્તારની હદો
રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ. વોટર સપ્લાય પંપિગ સ્ટેશન	ગામ: ઝણોર તાલુકો: ભરૂચ જિલ્લો: ભરૂચ	સરવે નંબર. ૨૨૮૨ કુલ ક્ષેત્રફળ: ૧૯૦૦૦ ચો.મી. પ્રતિબંધિત વિસ્તાર: ૧૯૦૦૦ ચો.મી.	પૂર્વે: નર્મદા નદી પશ્ચિમે: સરવે નંબર. ૬૫૯ અને ૬૫૮ ઉત્તરે: સરવે નંબર. ૧૭૫૯ અને ૧૯૬૧ દક્ષિણે: સરવે નંબર. ૧૭૫૬, ૧૮૫૭, ૧૭૫૮ અને ૬૪૭

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ધારા બ્રહ્મભટ્ટ,

સેક્શન અધિકારી.

Signature Not Verified
Signed by:BHOLUSINGHG THAKUR
Date: 2025.07.10 22:06:09 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar